| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨.૦૪.૨૦૨૫ | | |
| નોંધણી તારીખ | ૦૨.૦૪.૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૧૫.૦૭.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૩ | ૧૩ |

---

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ

---

**<u>ક્રિમીનલ રીવીઝન અરજી નંબર : ૩૧/૨૦૨૫</u>**

**આંક–....**

અરજદાર :– (૧) પ્રફુલભાઈ દિનેશચંદ્ર પંડયા
(૨) રીયા પ્રફુલભાઈ પંડયા
બંને રહે. પંડયાનો વાડો, મુ.પો. દશરથ,
તા.જી.વડોદરા

...વિરૂધ્ધ...

સામાવાળા :– શ્રી સ ર કા ર

બાબત :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ મુજબની
<u>રીવીઝન અરજી</u>

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

અરજદારો તરફે વિ.વકીલશ્રી એસ.એમ.આગ્રેજીયા

સામાવાળા તરફે વિ.એ.પી.પી.સુશ્રી એન.એમ.મિસ્ત્રી

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**<u>–:: ચુ કા દો ::–</u>**

૧. આ કામના અરજદારોએ સદરહુ રીવીઝન અરજી દાખલ કરેલ છે અને તે ધ્વારા ભરૂચના વિ.ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીએ ક્રિમીનલ કેસ નં. ૩૪૦૧/૨૦૧૭ ના કામે આંક–૯૬ થી સાહેદ

શીવમભાઇ જનાર્દન જોષીની જુબાનીની ઉલટ તપાસમાં બે પ્રશ્નો પુછવાની પરવાનગી તા.૧૯.૦૨.૨૦૨૫ ના રોજ ન આપતા તેનાથી નારાજ થઇ તેને પડકારેલ છે.

૨. હાલની ક્રિમીનલ રીવીઝન અરજી દાખલ થતા સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે. અરજી બાબતે પક્ષકારોના વિ.વકીલશ્રીઓને સાંભળવામાં આવેલ છે.

૩. હાલની રીવીઝન અરજીના કામે અરજદારોના વિ.વકીલશ્રીએ આંક–૧૫ થી લેખિત દલીલો રજુ કરી રજુઆત કરેલ છે કે અરજદારો સામે ઇ.પી.કોડની કલમ–૪૬૯,૪૭૧,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ છે અને તેની ઇન્સાફી કાર્યવાહી ચાલી રહેલ છે. ફરિયાદ પક્ષ તરફે આંક–૯૬ થી શિવમભાઇ જર્નાદનભાઇ જોશીને તપાસવામાં આવેલા છે. આ સાહેદની ઉલટ તપાસમાં આરોપીઓ તરફે ''હાલમાં તમે બીજી સ્ત્રી સાથે લગ્ન સંબંધમાં રહો છો, તેણીના થકી તમોને એક દિકરી પણ છે ?'' તેમજ ''ગ્રીષ્મા બહેન નામના વ્યકિત તમારા ઘરે લગ્ન થયા પહેલા અને પછી અને તમારા માતાના અવસાન બાદ પણ ઘરમાં મદદ કરવા માટે આવતા હતા ?'' તેવા પ્રશ્નો પુછવામાં આવેલા, પરંતુ આ પ્રશ્નો પુછવાની પરવાનગી વિ.ટ્રાયલ કોર્ટે રદ કરેલ છે. આ કોરજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં સાહેદ શિવમભાઇ અને આરોપી રીયાબેન પતિ પત્નિ છે અને તેઓ વચ્ચે વડોદરાની ફેમીલી કોર્ટમાં ભરણપોષણ તથા ડોમેસ્ટીક વાયોલન્સ એકટના કેસો આરોપી રીયાબેન ધ્વારા કરવામાં આવેલ છે તથા સાહેદ શીવમભાઇ ધ્વારા છુટાછેડાનો કેસ આરોપી રીયાબેન વિરૂધ્ધ કરવામાં આવેલ છે. આરોપી રીયાબેન ધ્વારા કરવામાં આવેલ ભરણપોષણના કેસમાં સાહેદ શિવમભાઇ તથા તેઓના પિતાના નામે આવેલ મિલકતની જાણકારી ભરૂચ સબ–રજીસ્ટ્રારની કચેરીમાંથી મેળવવામાં આવેલી છે અને જે ભરણપોષણના કેસમાં રજુ કરવામાં આવેલ છે. જેથી સાહેદ શિવમભાઇના પિતા જનાર્દનભાઇ જોશીએ હાલનો કેસ આરોપીઓ વિરૂધ્ધ કરેલ છે. આરોપી રીયાબેન વિરૂધ્ધ સાહેદ શીવમભાઇએ કરેલ

છુટાછેડાના કેસમાં સાહેદ શીવમભાઇ ધ્વારા આરોપી રીયાબેનના ચારિત્ર પર જુઠા આક્ષેપો કરવામાં આવેલા છે અને જેમાં શિવમભાઇની તરફેણમાં ચુકાદો આવતા સદર ચુકાદામાં આરોપી રીયાબેન ધ્વારા સ્ટે મેળવી ના.ગુજરાતની વડી અદાલતમાં પડકારવામાં આવેલ છે તેમ છતાં સાહેદ શિવમભાઇએ બીજા લગ્ન કરી લીધા છે જેથી આ બંને પ્રશ્નો સાહેદ શિવમને પુછવામાં આવેલા છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૩૭ થી ૧૬૬ માં સાક્ષીઓના પુરાવા કયા ક્રમમાં અને કયા ધોરણે લેવા જોઇએ તેની જોગવાઇ કરવામાં આવેલ છે અને તે મુજબ સાક્ષીના ચારિત્ર અંગે અને સાક્ષીના સ્ટેટસ તથા સત્યતા અંગે ઉલટ તપાસમાં પ્રશ્નો પુછી શકાય છે. તેમ છતાં વિ.ટ્રાયલ કોર્ટે ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવાનો પરવાનગી આપેલ નથી. જે હુકમ ભુલ ભરેલો અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરૂધ્ધનો છે. આરોપીઓ ધ્વારા સાક્ષીને ઉલટ તપાસમાં પુછવામાં આવેલા પ્રશ્નો પ્રતિબંધીત પ્રશ્નોની તુલનામાં પડતા નથી. જેથી હાલની અરજી મંજુર કરી આરોપીઓને સાક્ષીને ઉલટ તપાસમાં પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા રજુઆત છે કે વિ.ટ્રાયલ કોર્ટ ધ્વારા આરોપીઓને સાક્ષીની ઉલટ તપાસમાં જે પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ નથી તેમાં કોઇ ભુલ જણાતી નથી, કારણ કે આરોપીઓ સામે બનાવટી દસ્તાવેજો બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરેલ હોવાની ઇન્સાફી કાર્યવાહી ચાલી રહેલ છે, જયારે આરોપીઓ તરફે સાહેદના ચારિત્ર અંગે પ્રશ્નો પુછવામાં આવેલા છે જેથી આ પ્રશ્નો ક્રિમીનલ કેસના કામે આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ ચાર્જમાંના આક્ષેપોને સંબંધીત નથી. જેથી હાલની અરજી રદ કરવી જોઇએ.

૫. હાલની રીવીઝન અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ભરૂચના વિ.ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસશ્રીનો

તકરારી હુકમ ભુલ ભરેલો છે ? અને તે હુકમમાં હસ્તક્ષેપ કરવાની જરૂરીયાત છે ?

૨. શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ

**-: કા ર ણો :-**

**મુદ્દા નંબર : ૧ ની ચર્ચા :**

૭. પક્ષકારોની રજુઆતો, ક્રિ.કે.નં.૩૪૦૧/૨૦૧૭ ના કામે કરવામાં આવેલ તકરારી હુકમ તેમજ હાલની રીવીઝન અરજીના કામે રજુ થયેલ પેપર્સ ધ્યાને લેતાં, આ કામના અરજદારો/મુળ આરોપીઓ સામે ઇ.પી.કોડની કલમ-૪૬૯,૪૭૧,૧૧૪ મુજબની ફરિયાદના આધારે ક્રિ.કે.નં.૩૪૦૧/૨૦૧૭ નોંધાયેલ છે અને આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ સાહેદ શિવમભાઇ જનાર્દન જોષીના પિતા જનાર્દનભાઇએ કરેલ છે. સાહેદ શિવમભાઇ અને આરોપી રીયાબેનના લગ્ન તા.૨૦.૦૨.૨૦૧૪ ના રોજ થયેલા અને ત્યારબાદ તેઓ વચ્ચે અણબનાવ ચાલુ થતા આરોપી રીયાબેને સાહેદ શિવમભાઇ વિરૂધ્ધ ભરણપોષણની અને ડોમેસ્ટીક વાયોલન્સ એકટ હેઠળની અરજીઓ દાખલ કરેલ હોવાનું અને તેમાં રીયાબેન તરફે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા પૈકી બે મિલકત અંગેના દસ્તાવેજો સાહેદ શિવમભાઇના પિતાજી જનાર્દનભાઇના નામે અને તેઓની ખોટી સહીઓ કરીને કઢાવેલ હતા. આ દસ્તાવેજો ફરિયાદી જનાર્દનભાઇએ કઢાવેલ ન હોઇ આરોપીઓએ તેઓની ખોટી ઓળખ આપી અને તેઓની બનાવટી સહીઓ કરી નાણાકીય લાભ મેળવવા માટે ના.કોર્ટમાં રજુ કરી ગુન્હો કરેલ હોવાની ફરિયાદ આપવામાં આવેલી હોવાનું અને તેના આધારે પોલીસ તપાસ કરી ઇ.પી.કોડની કલમ-૪૬૯,૪૭૧,૧૧૪ મુજબના ગુન્હાની આરોપીઓ/આ કામના અરજદારો વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવતા તેની ઇન્સાફી કાર્યવાહી ચાલતી હોવાનું જણાય છે.

આ તબકકે ઈ.પી.કોડની કલમ–૪૬૯,૪૭૧ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

ઈ.પી.કોડની કલમ–૪૬૯ : પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના હેતુથી ખોટો દસ્તાવેજ બનાવવા બાબત –

જે કોઇ વ્યકિત કોઈપણ બનાવટી દસ્તાવેજથી અથવા ઈલેકટ્રોનીક રેકર્ડઝ કોઇ વ્યકિતની પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે એવા ઈરાદાથી અથવા તે હેતુ માટે તેનો ઉપયોગ કરવામાં આવશે એવો ખોટો દસ્તાવેજ બનાવે અથવા ઈલેકટ્રોનીક રેકર્ડ બનાવે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પણ પાત્ર થશે.

ઈ.પી.કોડની કલમ–૪૭૧ : બનાવટી (ખોટો) દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીકરેકર્ડઝનો ખરા તરીકે ઉપયોગ કરવા બાબત –

જે કોઇ વ્યકિત કોઈ દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીક રેકર્ડઝ બનાવટી હોવાનું પોતે જાણતી હોય અથવા પોતાને તેમ માનવાને કારણ હોય તેનો બદદાનતથી અથવા કપટપુર્વક ખરા દસ્તાવેજ અથવા ઈલેકટ્રોનીક રેકર્ડ તરીકે ઉપયોગ કરે તો તેણે પોતે તે દસ્તાવેજની ખોટી બનાવટ કરવાનો ગુન્હો કર્યો હોય એમ ગણીને તે રીતે જ શિક્ષા કરવામાં આવશે.

૮. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં આરોપીઓ ધ્વારા ખોટા દસ્તાવેજ બનાવેલ હોવા અંગેના તેમજ તેવા ખોટા અને બનાવટી દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કર્યા હોવા અંગેના આક્ષેપો છે.

૯. આરોપીઓ તરફે સાહેદ શિવમભાઈને ઉલટ તપાસમાં જે પ્રશ્નો પુછવામાં આવેલા છે તે શિવમભાઈના ચારિત્ર અંગેના અને તેઓએ બીજા લગ્ન કરેલ હોવા અંગેના છે. જે ખોટા અને બનાવટી દસ્તાવેજો ને સાચા દસ્તાવેજો તરીકે પુરવાર કરવા માટેના નથી. માનવા ખાતર માની લેવામાં આવે કે સાહેદ શિવમભાઈનું ચારિત્ર ખરાબ હતુ અને તેઓએ બીજા લગ્ન કરી લીધેલ છે તો તેનાથી આરોપીઓ તરફે ઉપયોગ કરવામાં આવેલા દસ્તાવેજો સાચા છે કે ખોટા છે તે નકકી

થઇ શકે તેમ નથી. સાહેદને પુછાયેલા પ્રશ્નો હાલના કેસમાં પ્રસ્તુત અને સુસંગત નથી અને આ પ્રશ્નોના કારણે બચાવ પક્ષના બચાવને કોઇ નુકશાન થતુ નથી કે કેસના ગુષ્દોષ ઉપર કોઇ અસર થતી નથી.

૧૦. ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં વિ.ટ્રાયલ કોર્ટે આરોપીઓને ઉપરોકત જણાવેલા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ નથી તેમાં કોઇ કાયદાકીય ભુલ કે ગેરકાયદેસર જણાતી નથી અને વિ.ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તાક્ષેપ કરવાની આવશ્યકતા જણાતી નથી. જેથી **મુદ્દા નંબર : ૧ નો જવાબ 'નકારમાં'** આપવામાં આવે છે અને મુદ્દા નંબર : ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧. અરજદારો/મુળ આરોપીઓની હાલની રીવીઝન અરજી નામાંજુર કરવામાં આવે છે.

૨. આ હુકમની એક નકલ વિ.ટ્રાયલ કોર્ટને તાત્કાલીક મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ ૧૫મી માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૫.૦૭.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨